**पुनना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| HALF YEARLY EXAMINATION (2020 - 21) | | | | | |
|---|---|---|---|---|---|
| **Student's Name:** | | **Grade** | **VI** | **Roll No.** | |
| **Date:** | **12/09/2020 (Saturday)** | **Time** | **3 hrs.** | **Subject** | **GUJARATI** |
| **Teacher's Sign.** | | | | **Total marks** | **80** |

## SECTION: A READING

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો
1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?
2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?
3) કોનું જીવન નિરર્થક છે ?
4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 ( બ ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
    લગન ઊકલી ગયાં.
મા હવે,
    ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
    સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
    બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,

કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે
ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?
2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?
3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?
4) ઘરમાં કોણ નથી ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## SECTION: B WRITTING

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] [ 10 MARKS ]

1) મહેનતનું મહત્વ 2) મારી પ્રિય ઋતુ

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. [ 10 MARKS ]

એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – ‘ વધારે વજન ઊંચકવું નહિ પડે,’ એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી – ‘પૈસા વધારે ગણવા નહિ પડે’ ગ્રાહકનો જવાબ - બોધ.

## SECTION: C GRAMMER

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) પરિવાર 2) તકલીફ 3) આંખ
4) પ્રિય 5) સંતાવું

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) ગરીબ 2) પુણ્ય 3) ધ્યાન
4) પાસે 5) જન્મ

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. [ 5 MARKS ]

1) ઠંડી 2) રાજા 3) સૂરજ

4) મોબાઈલ 5) બરફ

પ્રશ્ન 3 ( ડ ) **શબ્દજોડ બનાવો.** ( **Ex.** કુતરો - કુતરી ) **[ 5 MARKS ]**

**1)** કબુતર – **2)** બકરો –

**3)** કુકડો – **4)** દેડકો –

**5)** છોકરો –

## <u>SECTION: D</u> LITRATURE

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[ 8 MARKS ]**

1) કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?
2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?
3) પીલું ઝડપથી શું લઈ આવ્યું?
4) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?
5) ટમેટું ખુશ કેમ થયુ?
6) અલી હુસેનના પાડોશનાં બાળકો શા માટે રોકકળ કરતાં હતા?
7) લાખો વાણિયા પાસે શા માટે ગયો?
8) મોં ના હોવા છતા કોણ અવાજ કરે છે?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઇ પણ છ ) **[ 12 MARKS ]**

1) નાવડી બાનાવવા કોણા શું લઈ આવ્યુ ?
2) અલી હુસેને શા માટે પૈસા ભેગા કર્યા હતાં? તે પૈસાનુ તેણે શું કર્યુ?
3) ખોવાયેલું ધન કોણે પાછું અપાવ્યું ? શી રીતે?
4) ડાઘિયો શા માટે માથુ પછાડીને મરી ગયો?
5) ઉખાણાંને ઉકેલવાથી શું થાય છે?
6) કસ્તૂરબાએ જેલના સત્તાવાળાઓને પોતાનો શો નિશ્ચય જણાવ્યો ?
7) આશ્રમમાં મજૂરો કામ કરવાની આનાકાની શા માટે કરવા લાગ્યા?